# શાસ્ત્રીય નૃત્યોના ખ્યાત કલાકાર સત્યનારાયણની કલા સાધના ભાવેણાના દર્શકોને માણવા મળી

ભાવનગરમાં શાસ્ત્રીય નૃત્યક્ષેત્રે સંખ્યાબંધ કલાકારોને તાલીમ આપી નામના ધરાવનાર શ્રી ધરમશીભાઈ સંચાલીત કલાક્ષેત્ર વર્ષમાં ત્રણથી ચાર શાસ્ત્રીય નૃત્ય આધારિત કાર્યક્રમો ભાવેણાની કલાપ્રિય જનતા સમક્ષ રજુ કરે છે.

સામાન્ય રીતે પ્રેક્ષકોનો પ્રતિભાવ પણ ઉત્સાહ પ્રેરીત હોય છે. વિવિધ નૃત્ય કાર્યક્રમ નૃત્ય વિશારદ, નૃત્ય અલંકાર વિ.ના રંગમંચ પ્રદર્શન કે ક્યારેક મેઘાણી શતાબ્દિ જેવા કાર્યક્રમ રજુ થાય છે. પરંતુ આ વર્ષે ગત મહીને રજુ થયેલ નૃત્યનો કાર્યક્રમ વિશિષ્ટ હતો. "ચતરંગ" શિર્ષકથી રજુ થયેલ કાર્યક્રમમાં પહેલા કૃતિ "પુષ્પાજંલી" હતી. પુષ્પાંજલી પ્રદર્શીત કરનાર બેંગલોરના મહેમાન કલાકાર શ્રી સત્યનારાયણ રાજુ જે ભરતનાટયમના સિધ્ધહસ્ત કલાકાર છે. તેમના અનેક કાર્યક્રમો સ્વીટઝરલેન્ડ, જર્મની અમેરિકામાં સુંદર રીતે રજુ થાય છે. જેનો લાભ કલાક્ષેત્રના કે. મુરલીમોહનનાં મિત્રતાદાવે, કલાક્ષેત્ર તરફની લાગણીના કારણે ભાવનગરનાં કલારસિકજન એનો લાભ મેળવી શકયા. પ્રેક્ષકોએ પણ કલાકારને ખૂબ માણ્યા હતાં.

સત્યનારાયણ જાણીતા કલાગુરૂ શ્રીમતી નર્મદા રવિનાં પટ્ટ શિષ્ય છે. તેમના કમ્પોઝીશન અને કોરીયોગ્રાફી આગવી વિશિષ્ટતા છે. જે સત્યનારાયણ દ્વારા પ્રસ્તુત પુષ્પાંજલી આનંદનર્તન, દેવરનામા તથા તિલ્લાના દ્વારા પ્રદર્શિત થઈ. ઉપરાંત કલાક્ષેત્રનાં વિદ્યાર્થીઓ જે આજે કાર્યકરો છે તેમના દ્વારા કથકનૃત્ય આધારીત સરસ્વતીવંદના, શિવસ્તુતિ કથકનૃત્યો, પ્રદર્શીત કરાયા કુ. હીનાશાહ, કુ. મેઘા પટેલ, ડો. નીપા ઠક્કર, કે. મુરલીમોહન તથા તુષાર ભટ્ટ દ્વારા ઉપરની કૃતિઓ રજુ કરવામાં આવી. 'ચતરંગ

વસંત બન્ને કૃતિઓની સુંદર પ્રસ્તુતિ થઈ હતી. વર્ષાૠતુને અનુલક્ષી એક નવીન સર્જન રજુ થયું. જેમાં શિલ્પા અંધારિયા, કે. મુરલી પ્રેમચંદ ઝા, કમલ ગજ્જરના સંગીત સથવારે કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. ઉપરાંત કથકનૃત્યની વિશિષ્ટ

શૈલીમાં પૂર્વરાગમાં તરાના. ખૂબ રંગત સાથે પ્રસ્તુત કરવામાં આવેલ. કાર્યક્રમની વિશિષ્ટતાએ રહી કે કલાક્ષેત્રનાં વિદ્યાર્થીઓ અને કાર્યકરો દ્વારા જે કૃતિઓ પ્રદર્શીત થઈ તેમાં તેમના ગુરૂજીનાં રાહબરી નીચે તેમની સર્જનાત્મક શક્તિને પ્રદર્શિત કરવાનો અવકાશ મળ્યો અને તે પ્રયોગ સફળ થયો. આવા સુંદર આયોજન માટે આયોજકોને અભિનંદન...



શાસ્ત્રીય નૃત્યના સ્થાનિક કલાકારો 'ચતરંગ' કાર્યક્રમમાં



શ્રી સત્યનારાયણજી શાસ્ત્રીજી નૃત્યની એકમુદ્રામાં